

# અનુપમની હે અમૃતધારા...!

**~ સદ્ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**

પોષીપૂનમ-મંદિરજી પંચમ પાટોત્સવ મહાપર્વ,
૧૩ જાન્યુઆરી ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**આજે** ત્રિવેણી ઉત્સવ છે. ગયા વર્ષની ગ્રીષ્મ શિબિરમાં ગુરુહરિ સાહેબદાદાએ યુવાનોને એક બહુ સુંદર સૂત્ર આપ્યું : 'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુપ્રસન્નતા !' બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપણને શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના વર્તમાનકાળે જે સ્વરૂપે સુલભ બનાવી આપી છે એ જ ગુણાતીતજ્ઞાનની સાર્થકતા છે. ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા અહીં વિવિધ પ્રસંગો કહીને જણાવાયો. અક્ષરબ્રહ્મ ગુણાતીતનો આટલો મહિમા હોય તો પરબ્રહ્મ પુરુષોત્તમનો કેટલો બધો મહિમા હોય ! અને એ વિચારને આપણે પામીએ તો કેફ ચઢી જાય.

એવો કેફ ચઢેલા ને સુંદર નામવાળા ત્રણ સંતોને આજે અમારી સાધુસેનામાં, નારાયણીસેનામાં અમે આવકારીએ છીએ. અને એ આ સાધુસેનામાં જોડાય એ ઉત્સવમાં આપ ગુણાતીત સમાજનાં તમામ કેન્દ્રોમાંથી સંતો-ભક્તો ઉપસ્થિત રહીને અમને જે પ્રોત્સાહિત કરી રહ્યા છો એ બદલ આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ અને આપનો હાર્દિક આભાર માનીએ છીએ. એક દીકરાનું નામ છે 'સ્મિત' !-પ્રભુની ભક્તિ આનંદપૂર્વક સસ્મિત ! ભગવાનના ભક્તોની સેવા-પરિચર્યાને અહોભાગ્ય માનીને એ પોતે સેવા કરી રહ્યો છે અને અભ્યાસ પૂર્ણ કર્યા પછી સાધુ યજ્ઞેશદાસજીની સાથે સેવામાં જોડાયો છે. ખરેખર, એના નામ પ્રમાણે સ્મિતપૂર્વક, આનંદથી, પ્રસન્નતાથી પ્રભુનું ભજન કરવા માટે, સર્વ પ્રકારે ગુરુની અને પ્રભુની ભક્તિ અદા કરવા માટે પોતે જીવન સમર્પિત કરે છે ત્યારે એનાં માતાપિતાને પણ ધન્યવાદ આપીએ છીએ ! પ્રભુ-પરમાત્માની ભક્તિમાં પોતાનાં સંતાનોને આનંદપૂર્વક શ્રી ગુરુચરણે અર્પણ કરે છે એવાં પરિવારજનોને પણ અમે સૌ સંતો લાખ લાખ વંદન કરીએ છીએ ! બીજા દીકરાનું નામ છે 'કીર્તન' ! શ્રવણમ્, કીર્તનમ્ - નવધા ભક્તિનો પાયો એટલે કીર્તનભક્તિ કરવી. પૂજારી તરીકેની સેવામાં આવેલા કીર્તનનો અમારી સાધુસેનામાં કીર્તનભક્તિની હોંશ, ઉમંગ અને આનંદને વધારવા માટે ઉમેરો થઈ રહ્યો છે. ત્રીજા દીકરાનું નામ છે 'રોનક' ! અમારી સાધુસેનામાં તે સિવિલ કન્સ્ટ્રક્શનમાં સેવા આપી રહ્યો છે. અમારા ઍન્જિનિયર્સ સંતોની સાથે એ વર્ષોથી સેવામાં જોડાયો છે. 'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુ પ્રસન્નતા !' એ વાક્યને કૃતાર્થ કરવા માટે અમારા સંતોની સાથે ટ્રેઈની તરીકે જે યુવાનો આવ્યા અને એમણે પ્રભુ પ્રસન્ન કરવાનો સાચો માર્ગ પકડી લીધો, એ બદલ એમને ધન્યવાદ !

'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુપ્રસન્નતા !' ભગવાનની પ્રસન્નતા, ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત થાય એટલે આ જીવનમાં પ્રાપ્ત કરવા જેવું જે કંઈ પણ હોય તે સઘળું પ્રાપ્ત થાય છે. અને ભગવાં હૃદયના સાધુ બનાવવાનો સંકલ્પ કરનારા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના હસ્તે અને આશીર્વાદ સાથે દીક્ષિત થયેલા સંતો જ્યારે આશીર્વાદ આપવા માટે આપણા મહોત્સવમાં પધારે ત્યારે સોનામાં સુગંધ ભળે છે ! અમે સૌ વ્રતધારી સંતો એમના શ્રી ચરણોમાં મસ્તક નમાવીને પ્રણામ કરીએ છીએ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપને જે ગુરુમંત્ર આપ્યો અને ત્યાગાશ્રમ સ્વીકારીને આપે ગુરુ અને પ્રભુની રોનક વધે એવું સાધુચરિત જીવન જીવીને, અમારા સર્વને માટે દીવાદાંડીરૂપ આપનું આખું જીવન છે ! અમને સૌનેય ગુરુહરિ સાહેબદાદા ને શ્રી ઠાકોરજી મહારાજ સાધુગુણે સંપન્ન કરી આપે એવી આજે ગુરુ ગુણાતીતના દીક્ષાતિથિના દિને પ્રાર્થના કરીએ છીએ.

સાધુ મનોજદાસજીએ શાસ્ત્રોક્તવિધિ સાથે ખૂબ સુંદર પ્રતિજ્ઞાઓ કરાવી ત્રણેય સંતોને વ્રત લેવડાવ્યું. અને સાથે સાથે ગુરુજનો, વડીલો, માતાપિતાનાં આશીર્વચનોની પણ ખૂબ સુંદર સમજણ આપી. અમે દરરોજ અમારી પ્રાતઃ પૂજામાં આ વાતને સંભારીને વારંવાર તેનું રટણ કરીને જાગ્રતતાપૂર્વક સાધુતાના માર્ગે, પ્રભુકૃપાથી, ગુરુના બળે આગળ ને આગળ વધતા રહીએ તેવી પ્રાર્થના પણ આજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષાતિથિ દિને કરીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે ગુણાતીતની છાતી પર છડી અડાડીને 'ગુણાતીત એ અક્ષરબ્રહ્મ છે' એમ કહે છે. આપણી અક્ષરપુરુષોત્તમની ઉપાસના, અક્ષરનું પરમ બ્રહ્મતત્ત્વ અને તેઓ જેમને ધારીને રહ્યા છે તે પુરુષોત્તમનું પરબ્રહ્મનું પરમ તત્ત્વ ! એની ધન્યતાથી આપણું ક્ષુલ્લક માનવજીવન પણ ધન્ય બની જાય એવા શુભ વિચાર તે મંદિરનું મહત્ત્વ છે, તે મૂર્તિનું મહત્ત્વ છે, તે મંત્રનું મહત્ત્વ છે અને આપણને એની સાથે જોડનારા સંતનું મહત્ત્વ છે. એ સંતપરંપરાને આગળ વધારવા માટે પ્રગટ ગુરુહરિ સાહેબદાદાની સંતસેનામાં ઉમેરો કરવા આ ત્રણ યુવાનો આજે નૂતન ઉત્સાહ સાથે જોડાય છે ત્યારે એમનું પણ હાર્દિક સ્વાગત કરીએ છીએ. એમને આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત રહેલા ગુણાતીત સમાજની સર્વ પાંખનાં સંતો, મહંતો, વડીલો અને માતા-પિતાઓ સર્વનાં શ્રી ચરણોમાં અમે સૌ સંતો સાદર પ્રણામ કરીએ છીએ અને સર્વનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

આદરણીય સંત પ.પૂ. નિર્મળ સ્વામીજી પધાર્યા છે. યોગીજી મહારાજના હાથે દીક્ષિત થયેલા અને સાધુતાના માર્ગે અનેક પ્રકારની કપરી કસોટીમાં પસાર કર્યા હોવા છતાંય પણ જેમણે ભગવા રંગને સહેજેય ઝાંખો પડવા દીધો નથી એવા સાધુ પાસેથી અમને પ્રેરણા મળે છે. યોગીબાપાનો રૂડો સંકલ્પ ૧૪મી મે, ૧૯૬૬માં ભગવાં વસ્ત્રની નહીં, પણ ભગવાં હૃદય કરવાની દીક્ષા આપી તો, અમારા હૃદયના ભગવા રંગને પણ ક્યારેય ઝાંખપ ના લાગે અને યોગીબાપાનું જે સૂત્ર હતું કે, 'યુવાનો મારું હૃદય છે.' એ હૃદયમાં ભક્તિને માટે, સેવાને માટે, સમર્પણને માટે યુવાનીનો તરવરાટ હંમેશાં ધબકતો રહે, છલકાતો રહે એવા રૂડા આશીર્વાદ આપે એવા એમના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. ગુણાતીત સમાજમાં બહેનો માટે નૂતન દીક્ષામાર્ગ શરૂ થયો. યુવાનો માટે પણ નૂતન દીક્ષાનો આખો માર્ગ શરૂ થયો, તો એની નૂતન દીક્ષાવિધિ પણ શાસ્ત્રોએ, ઋષિમુનિઓએ અને ગુરુજનોએ ઉચ્ચારેલા આશીર્વાદના શબ્દો સાથે આ નૂતન દીક્ષાર્થીઓને આશીર્વાદ સ્વરૂપે પ્રાપ્ત થયા; ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી !

આજના આ દિવસના મહિમાની તો શી વાત કરીએ ! ગુણાતીતાનંદ સ્વામીના જીવન વિશે, એમના દીક્ષાદિન વિશે વાત કરવા માટે આપણે બહુ ટૂંકા પડીએ. પણ એની ધન્યતાનો ભાવ ગ્રહણ કરવા માટે આપણા માનવજીવનની હયાતી દરમિયાન આવા અદ્ભુત પ્રસંગમાં આપણી ઉપસ્થિતિ એ જ આપણા માટે ચિરસ્મરણીય ભાથું બની રહેશે. કદાચ આવું પરાક્રમ આપણે પોતે ના કરી શકીએ; પણ, કોઈ કરતું હોય અને એ પ્રસંગે આપણે હાજર હોઈએ ત્યારે આપણા હૃદયમાં જે ધન્યતાનો ભાવ આવે છે, આપણી આંખોમાં જે હર્ષનાં આંસુ આવે છે એ આપણે કર્યા બરાબર છે ! ગુણ લીધો અને મહિમા સમજ્યા, તો ગુરુ ગુણાતીતની વાતને આપણે ખરેખર સમજ્યા છીએ.

ગુણાતીતાનંદ સ્વામીએ તો કહ્યું છે કે, 'મહારાજનું સ્વરૂપ સમજવું' મહારાજનો મહિમા એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો મહિમા સમજવો, એમની આજ્ઞાનું પાલન કરવું. એમને ધારીને જે અખંડ રહ્યા છે તેવા પ્રગટ સત્પુરુષ સાથે અસાધારણ આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવી અને સર્વની સાથે સુહૃદપણું રાખવું; આ ચાર વાત જીવનું જીવન છે અને એને સદાય સાચવજો એવી રૂડી શિખામણ પણ ગુરુ ગુણાતીતે આપી છે. આ શિખામણ અમે મન પર લઈએ, અમારા રોજિંદા જીવનનાં વિચાર, વાણી અને વર્તન સાથે જડી દઈએ અને સાધુતાની સુવાસ અને અને એના તેજને દીપાવીને ગુરુના પરમ આશીર્વાદ અને કૃપાનાં અમે સૌ પાત્રો બની રહીએ, સુપાત્ર બની રહીએ તેવી આજના દિવસની પ્રાર્થના ! જય શ્રી સ્વામિનારાયણ ! ◆

### * સત્સંગ સમાચાર *

### સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી પ્રાગટ્ય ઉત્સવ

૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના ૬૦મા પ્રાગટ્યદિનની મહિમાપૂર્ણ ઉજવણી સંતભગવંત સાહેબજીનાં સાંનિધ્યે 'પારમિતા' સભાખંડમાં કરવામાં આવી. સભામાં સાધુ પૂ. રમેશદાસજી ઝા, પૂ. સંદીપદાસજી, પૂ. રાજુદાસજીએ પૂ. મનોજદાસજી સાથેના અનુભવ, તેઓની દાસ પ્રકૃત્તિ, વિચક્ષણતા અને વિનમ્રતાનાં સુંદર દર્શન કરાવ્યાં. પૂ. અશ્વિનદાદાએ પૂ. મનોજદાસજીનાં જીવન-માહાત્મ્યને વર્ણવી સૌને પ્રભુ અને ગુરુભક્તિથી સભર રહેવા સમજણ પૂરી પાડી. સંતભગવંત સાહેબજીએ પણ આ પ્રસંગે રૂડા આશીર્વાદ પ્રદાન કરી પ્રભુ પ્રસન્નતાર્થે વિશેષ નિયમ લઈને ભક્તિ અદા કરવાની સમજણ આપી. પૂ. મનોજદાસજીની આદર્શ સાધુતા અને અદ્ભુત ગુરુભક્તિથી પ્રેરણા લેવા અને તેમના દ્વારા ગુરુભક્તિરૂપે થતાં ભગવદ્ કાર્યોમાં સહકાર આપવા પ્રેરણા આપી. ◆